Extra No. 229

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ-ના તારીખઃ ૨જી જૂન, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીવીએન/૨૦૨૫/(૧૧)/એફઈડી/આરઓઆર/ઈ-ફાઈલ/૬/૨૦૨૩/૧૫૧૭/ડી-૨-ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Livestock Inspector, Class III, in the Subordinate Service, under the Gujarat Forest and Environment Department, Recruitment Rules, 2025

ગુજરાત વન અને પર્યાવરણ વિભાગ હેઠળની તાબાની સેવામાં, પશુધન નિરીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

વન અને પર્યાવરણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જૂન, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીવીએન/૨૦૨૫/(૧૧)/એફઈડી/આરઓઆર/ઈ-ફાઈલ/૬/૨૦૨૩/૧૫૧૭/ડી-૨: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત વન અને પર્યાવરણ વિભાગ હેઠળની તાબાની સેવામાં, પશુધન નિરીક્ષક, વર્ગ ૩ -ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. (૧) આ નિયમો વન અને પર્યાવરણ વિભાગ હેઠળની તાબાની સેવામાં, પશુધન નિરીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ગુજરાત વન અને પર્યાવરણ વિભાગ હેઠળની તાબાની સેવામાં, પશુધન નિરીક્ષક, વર્ગ ૩ -ની જગા પર નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૩ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) કેન્દ્રીય અથવા રાજ્ય કૃષિ અથવા પશુચિકિત્સા યુનિવર્સિટી અધિનિયમોથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી પશુપાલનમાં ત્રણ વર્ષનો ડિપ્લોમા પાસ કર્યો હોવો જોઈશે:

પરંતુ દૂરવર્તી અભ્યાસ પદ્ધતિથી જરૂરી લાયકાત મેળવેલી હોય તેવો ઉમેદવાર પાત્ર થશે નહિ.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯(ક)-ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી જોઈશે અને તેવી પરીક્ષા પાસ કરવી જોઈશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવા જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આસવ ગઢવી,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.10 22:16:53 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar